# પ્રકરણ ૮:

# રિક્તરાગ

# સ્વપ્નવાસ્તવનું નિરૂપણ

પ્રસ્તુત પ્રકરણમાં પ્રયોગયુગના અગ્રણી વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક કિશોર જાદવની નવલકથા 'રિક્તરાગ'ને તેમાં નિરૂપિત સ્વપ્ન પ્રયુક્તિની દષ્ટિએ પ્રમાણવાનો ઉપક્રમ છે.

'નિશાચક્ર' બાદ દસેક વર્ષે ૧૯૯૮માં 'રિક્તરાગ' નવલકથા વાચકને મળે છે. આટલો લાંબો અંતરાલ શા માટે ? તેનો જવાબ સર્જક પ્રસ્તુત નવલકથાના નિવેદનમાં કહે છે કે, 'એક દઢ નિશ્ચય હતો કે આજ સુધી લખાતું આવ્યું છે, જે કાંઇ વાર્તા નવલકથા ક્ષેત્રે સર્જાતું આવ્યું છે તેવું તો ના જ લખવું. તેનું પુનરાવર્તન કોઇપણ રીતે થવા ન દેવું. કેટલીક દોરાઇ ગયેલી મર્યાદાઓને અતિક્રમી જવી. તેવો પાક્કો નિર્ધાર હતો.' કિશોર જાદવ ભારતીય પરંપરાની કે જે તે સમયે સર્જાતા સાહિત્યની દોરાઇ ગયેલ મર્યાદાઓને ચોક્કસ ઓળંગી જાય છે, પરંતુ તેમણે પોતે સર્જેલ પાત્રસૃષ્ટીને કે Plotને અતિક્રમી શક્યા નથી. તેમના કથા સાહિત્યમાં એક સમાન Plot અને પાત્રસૃષ્ટિ જોવા મળે છે. જેમાં 'રિક્તરાગ' પણ સામેલ છે.

રિક્તરાગ શબ્દને છૂટો પાડીએ તો બે શબ્દો મળે 'રિક્ત' અને 'રાગ'. 'રાગ' એટલે 'કામના' અને 'રિકત' એટલે 'ખાલી પણુ', 'અમુક વિનાનું'. આજનો માનવ શૂન્યાવકાશમાં જીવે છે. જેની કોઇ ફલશ્રૃતિ નથી તેની પાછળ સમગ્ર જીવન ભટકતો રહે છે, જેને લોકો અનિષ્ટ તત્ત્વ તરીકે જૂએ છે, તે કામના, વાસના, દેહ લાલસા, લોલુપતાનું વટવૃક્ષ વકરીને ફૂલ્યું ફાલ્યું છે. આ વટવૃક્ષ એ માનવના જીવનનું નકારી ન શકાય તેવું વાસ્તવ છે. મૂળભૂત વૃત્તિ છે.

કિશોર જાદવના સાહિત્યમાંથી પસાર થઇએ ત્યારે કોઇ અન્ય દેશમાં પહોંચી ગયાનો આભાસ થાય. સાથો સાથ જાણે કોઇ પાશ્ચાત્ય સાહિત્યમાંથી પસાર થતા હોઇએ તેવી ભ્રાન્તી સહેજે ઉપસી આવે. તેવી જ રીતે 'રિક્તરાગ' પણ ગુજરાતી ભાષા રૂપી વાઘામાં અવતરેલ પાશ્ચાત્ય નારી છે. કદાચ પરંપરાગત નવલકથા વાંચવા ટેવાયેલ વાચકોના નાકના ટેરવા ચડી જાય તેવી રીતે પોનોગ્રાફીક લાગે તે હદે વાસ્તવનું નિરૂપણ આ નવલકથામાં જોવા મળી શકે છે. આ કથાબીજ વિશે સર્જક નિવેદનમાં જ સ્પષ્ટતા કરતાં જણાવે છે કે, "અહીં બધાં અંતિમો, આત્યંતિક ભૂમિકાઓ પર રહીને એ અનિષ્ટને જોવા તપાસવાનો મારો ઉપક્રમ રહ્યો છે. કશો છોછ વિના, સર્વ આળપંપાળ, થાબડથૂબડ યા વ્યાવધાનો વિના. નરી આંખે સ્વપ્ન, દિવાસ્વપ્ન, ભ્રાંતીઓ યા પરિચિત વાસ્તવ વિનાં સઘળાં રૂપોને એકમેકમાં કાલવી નાંખીને. તેમની તમામ ભેદરેખાઓને

ઓગાળી દઇને. જેથી મનુષ્યચેતનાનું એક અનન્યરૂપ પ્રગટવા પામે. તેની સાવ લગોલગ રહીને, 'હું' નામના ઉપકરણથી આ કથાની માંડણી કરી છે.''

અહીં કથાબીજ આદીમ ચેતના છે, કથનકેન્દ્ર 'હું', કથન પ્રયુક્તિ- સ્વપ્ન, દિવાસ્વપ્ન, ભ્રાન્તિઓ છે એ બાબત સ્પષ્ટ થાય છે. નવલકતથાનો પરિવેશ ખાણવિસ્તાર છે. 'હું'ના કથનકેન્દ્ર દ્વારા ઉચાં ટેકરા પર રહેતા આદિવાસી કામદારોની કથાને સર્જક 'રિક્તરાગ'માં આકારીત કરવાનો પ્રયાસ કરે છે. આ નવલકથાનો નાયક ખાણમાં કોઇ ઉચ્ચ હોદ્દા પર છે. જેનું નામ નવલકથામાં સ્પષ્ટ થતું નથી. ખાણનો માલિક ક્યારેક જ ખાણ પર આવે છે. નાયકના કોઇ સંબંધીની ભલામણથી તેને અહીં નોકરી મળી છે. આ સિવાય તેના વિશે કાંઇ જ સ્પષ્ટતા કરવાનું સર્જકને જરૂરી લાગ્યું નથી. નવલકથાનો પરિવેશ ગુજરાતી લાગતો નથી. તેનું કારણ સર્જકે તેમના જીવનનો મહત્તમ હિસ્સો નાગાલેન્ડમાં વિતાવ્યો છે તેને પણ ગણાવી શકાય. તેથી જ્યાં રહ્યા તે રહેણાંકની આસપાસના વાતાવરણની છાપ તેમના સર્જનમાં જીલાતી રહી છે.

સમગ્ર નવલકથા નવ પ્રકરણમાં વિભાજીત થયલ છેઃ ૧) ખાણનું રૂપેરી પંખી ૨) ચાંદની ભર્યો સિંહ ૩) માલિકની અરુપરુ મુલાકાત ૪) સ્વપ્નસૃષ્ટિ ૫) સરકતું શહેર સરકતા રસ્તા ૬) પહાડ ટોચે પશુના પડછંદા ૭) તલવારબાઝ ૮) લોયન્લા ૯) ખીણના અભિરામ જળ. તમામ શીર્ષક કોઇ કવિતાપંક્તિ અને રૂપકો હોય તેવા જ ભાસે છે.

કથા ખાણના નાયક 'હું'ની આસપાસ જ ગૂંથાય છે. આ ગૂથણીના ત્રણ રંગો છેઃ એક અકોલા, બીજી લોયન્લા અને ત્રીજી અનુરન્લા. આ ત્રણ સ્ત્રી પાત્રોની આસપાસ જ નાયકનું વ્યક્તિત્વ વિકસે છે, વિલસે છે અને વિરમે છે. 'રિક્તરાગ' એ નાયકના ભોગવિલાસને ક્યારેક વિચારો દ્વારા, ક્યારેક સ્વપ્ન દ્વારા તો ક્યારેક સંવાદો દ્વારા વહાવતી કૃતિ છે. ટૂકમાં કથા જોઇએ તો નાયક તેના સંબંધીની ભલામણથી ખાણમાં કામ પર આવ્યો છે. લોકો તેને ખાણ માલિકનો માનીતો સમજી આગતા સ્વાગતા કરે છે. તેના આગમન સમયે જ ઉત્સવ અને નાચગાનનું આયોજન કરે છે. ત્યાં પ્રથમવાર લોયન્લાને જોઇ નાયક મોહીત થાય છે. પરંતુ તેના નોકર અનુગ્બા સાથે તેનો સંબંધ હોઈ તેનાથી દૂર હટી જાય છે અને અકોલા નામની કુરૂપ સ્ત્રી સાથે સંબંધ બાંધે છે. અનુગ્બાનું ખૂન થાય છે. તે દરમ્યાન અનુરન્લા નામની સૌંદર્યવતી તરફ નાયક આકર્ષાય છે. મેજર મલ્કાની દ્વારા ધરાયેલ લોયન્લા અને અકોલા બન્નેથી દૂર ભાગી છૂટવા નાયક

પ્રયત્ન કરે છે. પરંતુ પોતાની આદીમ ઇચ્છાઓથી ભાગી શકતો નથી અને અતૃપ્ત વાસના સંતોષવા અકોલા પાસે જાય છે. અનુરન્લાના સંબંધી અને અકોલા વચ્ચે ચકમક ઝરે છે. અનુરન્લા કોઇ તલવારબાઝ સાથે દૂર દેશ ચાલી જાય છે. અનુરન્લાના ચાલ્યા ગયા પછી અચાનક જ નાયકના જીવનમાં ફરી લોયન્લાનો પ્રવેશ થાય છે. અત્યાર સુધીમાં અકોલા નાયક પર પોતાનો જ અધિકાર હોવાનું માનવા લાગે છે. જ્યારે સામા પક્ષે નાયક તેની સાથે હોવા છતાં નિર્લેપ રહે છે. લોયન્લાને નાયકની નજીક આવતા જોઇ અકોલા તેના વિરુદ્ધ પંચાયતમાં ફરીયાદ કરે છે. લોયન્લા પર અનુગ્બાના મોતનું કારણ બનવાના આરોપસર ખટલો ચાલે છે. લોયન્લાને મૃત્યુદંડ અપાય છે. પોતાની બન્ને સ્વપ્નસુંદરીના નાયકથી અલગ થવાનું કારણ અકોલા જ છે તેવું લાગતા ક્રોધાવેશમાં ઘરે પરત ફરેલ નાયક અકોલાને તેના પિતાના જારજ સંતાન બાઘડ સાથે સમાગમ માણતી જોઇ વધુ ગુસ્સે થાય છે. નાયક ક્રોધમાં અકોલાનું ખૂન કરી બેસે છે. કશુંક પામવાની અર્હનિશ જટાજાળમાં રાચતો નાયક બધું જ ખોઇ ખીણના અભિરામ જળમાં વિલોપ પામે છે.

નવલકથા ‘હું’ દ્વારા એટલે કે પ્રથમ પુરુષ એકવચનના કથન કેન્દ્રથી કહેવાઈ હોવાથી કથામાં નાયકનું કોઈ નામ અપાયું નથી. નાગાલેન્ડમાં પથ્થરની ખાણનો પરિવેશ છે. આ ખાણના માલિકના અવ્વલ દરજ્જાના કારકુન નાયકના નજીકના સગાં હોય છે. તેમની ભલામણથી નાયકને સીધી ખાણ પર દેખરેખ રાખવાની નોકરી મળે છે. ખાણમાં કામ કરતા અને ત્યાં વસતા લોકોને લાગે છે કે નાયક ખાણ માલિકનો માનીતો છે અથવા તો તેની પહોંચ ખાણ માલિક સુધી છે એટલે આસપાસના બધા જ લોકો નાયકની ખુશામત કરે છે.

નાયક ખાણમાં કામ કરવા આવ્યો તેને હજુ ચાર જ દિવસ થયા હોય છે. ખાણમાં કામ કરતો એક મોજીલો યુવાન યાકુબા નાયકને ખાણની આસપાસના લોકો અને સ્થળોથી પરિચિત કરાવે છે. આ યાકુબા ખાણની નીચે વસ્તીમાં રહેતી લોયન્લા સાથે પ્રણય સંબંધ ધરાવતો હોય છે અને યાકુબા જ ત્યાં દારૂના પીઠાવાડી અકોલા પાસે નાયકને લઈ જાય છે. આમ ખાણ આસપાસની સારી નરસી તમામ બાબતોથી યાકુબા નાયકને અવગત કરે છે.

ખાણની વસ્તીમાં તેમનો કોઈ પારંપરિક ઉત્સાહ હોય ત્યાં યાકુબા નાયકને લઈ જાય છે. ત્યાંનો મુખી અને ખાણનો ચોકીદાર નાયકની આગતા સ્વાગતા કરે છે. ઉત્સવનો સમય થતા આસપાસથી લોકો તે શણગારેલા ચોગાનમાં એકઠા થવા લાગે છે. ધીરે ધીરે વસ્તી વધતી જાય છે.

સ્ત્રીવૃંદ ગીત ગાતી-ગાતી વર્તુળાકારે નૃત્ય કરવા લાગે છે. થોડીવારમાં તેમાં યુવાનોની ટોળકી પણ ભળે છે. ખાણમાં કામ કરતાં ત્યાંના આદિવાસી લોકો તેમના પારંપરિક પોષાકમાં નાચી-ગાઈને ઉત્સવ મનાવી રહ્યા હોય છે ત્યાં જ યાકુબા તેમાં નાચી રહેલ એક સુંદર સ્ત્રી નાયકને દેખાડે છે. તે જ લોયન્લા હોય છે. યાકુબા નાયક સમક્ષ લોયન્લાના વખાણ કરતા થાકતો નથી. આખી રાત જલસો ચાલે છે. જલસા વચ્ચે જ યાકુબા અને લોયન્લા અચાનક ગાયબ થઈ જાય છે. ચોકીદાર તેને શોધવા જાય છે પણ ખાલી હાથે પાછો આવે છે.

નાયક ઘરે પહોંચે છે ત્યાં સુધીમાં પણ યાકુબા પાછો આવ્યો નથી હોતો. નાયક નાહી-ધોઈને અકોલાના દારૂના પીઠા પર પહોંચી જાય છે. અગાઉ તે યાકુબા સાથે ત્યાં ગયો હોય છે. અકોલાની સામે પોતે યાકુબાને શોધતો શોધતો અહીં આવી પહોંચ્યાનો ડોળ કરે છે. થોડીવાર નાયક અકોલાને ત્યાં અસમંજસ અનુભવે છે પણ થોડી જ ક્ષણો પછી અકોલાની સાથે દારૂ પીએ છે. ખાણમાં નાયક એકલો હોઈ કોઈનો સંગાથ ઇચ્છતો હોય એવું લાગે છે. તે સંગાથ અકોલા તેને આપે છે.

સાંજે ઘરે આવે છે ત્યારે તળેટી પર નાયકને કંઈક ચહલ-પહલ દેખાય છે. બે-ત્રણ માણસો ઝપાઝપી અને મારપીટ કરતા હોય એવું લાગે છે. ત્યાં અચાનક નાસભાગ મચી જાય છે અને અચાનક લોયન્લાની ચીસો સંભળાવા લાગે છે. 'પેલા ખવિસો એને મારી નાખશે એને કોઈ બચાવો' (પાના નં.૨૫) નાયક ત્યાં પહોંચે ત્યાં સુધીમાં પેલા લોકો ભાગી છૂટ્યા હોય છે અને ત્યાં યાકુબાનો વિકૃત થયેલો લોહી-લુહાણ મૃતદેહ પડ્યો હોય છે. યાકુબાના સગાસંબંધીને અને લાગતા વળગતાને જાણ કરવાની સૂચના આપી નાયક ત્યાંથી છૂટો પડે છે.

બીજે દિવસે યાકુબાનું ખૂન થયું હોય છે ત્યાં લોકોની ભીડ જામી હોય છે. ઉત્સુકતાવશ લોકોનો ધસારો ત્યાં વધતો જતો હોય છે. ત્યાં જમાદાર પંચનામું કરવા અને ખુનની તપાસ માટે આવે છે. લાશને દફનવિધિ માટે મોકલવામાં આવે છે અને ટોળું વિખેરાઈ જાય છે. આ જમાદાર બીજીવારની મુલાકાતે આવે છે અને ખૂન વિશે જાણવાની કોશિશ કરે છે. નાયક ખાણમાં કોઈ ઉચ્ચ હોદ્દા પર હોય એવું સમજી ખૂન વિશેની માહિતી આપે છે. તેમના જણાવ્યા મુજબ યાકુબાને વસ્તીમાં કોઈ સ્ત્રી(લોયન્લા) સાથે સંબંધ હોય છે. તે સ્ત્રી એટલે કે લોયન્લા પણ ત્યાં જ હોય છે. લોયન્લા એવું બયાન આપે છે કે પાછા વળતા બંને સાથે જ નીકળ્યા હોય છે. તેને શહેરમાં કોઈ

ખરીદી કરવા જવાનું હોય છે. રસ્તામાં તેમને છિનાળું કરતા થોડાંક લોકો જોઈ જાય છે અને ઉત્તેજિત થઈ જવાથી યાકુબા અને એ લોકો વચ્ચે ઝઘડો થાય છે. એમાં જ યાકુબાનું ખૂન થઈ જાય છે. લોયન્લાને પણ કોઈના ઉપર શંકા નથી. કોઈ જૂની અદાવત પણ નથી. એટલે પુરાવાના અભાવે કોને પકડવા એ માટે ફોજદાર પરેશાન છે. ખૂનીઓ કદાચ ખાણમાં છુપાઈ ગયા હશે તેવી શંકા છે. નાયક મર્માળું હસી કહે છે, 'એટલે ખાણના ગુનાઓ ખીણ સંઘરે' (પાના નં.૩૧) ફોજદાર આ સાંભળી હસી પડે છે અને આગળની પૂછપરછ માટે વસ્તી તરફ નીકળી જાય છે.

નાયક એક દિવસ હાટમાં પહોંચી જાય છે. ત્યાં વસ્તુ ખરીદતી વખતે સૌંદર્યવતી સ્ત્રીને જોઇ તેના પર મોહી પડે છે. આ સુંદર સ્ત્રી એટલે અનુરન્લા. તેને કર્ણફુલ અપાવી નાયક તેની પાછળ પાછળ તેના ઘર સુધી પહોંચી જાય છે. પણ છેલ્લી ક્ષણે તે યુવતી દષ્ટિમાંથી નીકળી જતાં નિરાશ હ્રદયે પાછો ફરે છે. પાછા ફરતી વખતે રસ્તામાં તેને મેજર મલ્કાની મળે છે. તેમની ટ્રેન કેન્સલ થઈ હોવાથી તે ડાકબંગલે રોકાયા હોય છે. નાયક એની સાથે જ ડાકબંગલે પહોંચે છે. આ મેજર મોજિલા મસ્તીખોર સ્વભાવના હોય છે. નાયક અને મેજર અંગ્રેજી દારૂ(વિસ્કી) પીએ છે અને માંસ પણ ખાય છે. બંને ઉપરા ઉપરી વાતો કરતાં-કરતાં દારૂ ગટગટાવ્યે જાય છે. થોડીવાર પછી મેજર નાયકને અંદરના ઓરડા તરફ લઈ જાય છે અને કહે છે, અંદર હજૂ એક હનીબીની બોટલ છે. નાયક અંદર જૂએ છે તો પલંગ પર નિર્વસ્ત્ર હાલતમાં લોયન્લા સૂતી હોય છે. મેજર નાયકને ઓરડામાં ધકેલે છે પણ નાયક ઊભી પૂંછડીએ ત્યાંથી ભાગી છૂટે છે. મોડી રાત્રે ઘરે પહોંચે છે ત્યારે દિવસ દરમિયાનનો થાક અને વિચારોનું વંટોળ સ્વપ્ન સ્વરૂપે પ્રગટ થઈ નાયકને ડરાવે છે. યાકુબાના મૃત્યુ પછી રાબેતા મુજબ ખાણનું કામ શરૂ થઈ ગયું હોય છે. અનુરન્લા તેને મળી હોતી નથી એટલે નાયકની ઊઠબેસ અકોલાના ઘરે વધતી જાય છે. થોડોક પણ સમય મળતા નાયકના પગ અકોલાના ઘર તરફ વળી જાય છે. અકોલા પણ નાયકને જોઈ શરમાય છે. તેની ઝંખનાઓ પણ ઝંકૃત થઈ જાય છે. બળતણ લેવા જવાને બહાને નાયક સાથે લઈ જાય છે. લાકડાના ગોડાઉનમાં નાયક અને અકોલા તેમના શરીર અગ્નિને શાંત કરવાનો પ્રયત્ન કરે છે. નાયક અકોલાના શરીરને ભોગવે છે પણ તેને પ્રેમ કરવાનો મનોમન ઇનકાર કરે છે.

થોડાં દિવસોમાં જ ખાણમાં ચોકિયાત અને દરવાન સાથે નાયકને કામ બાબતે ઝઘડો શરૂ થવા લાગે છે તેની અસર આગળ નાયકના જીવન પડવાની છે. એક દિવસ અચાનક અનુરન્લાનો

ભાઈ નાયકને ત્યાં પહોંચી જાય છે અને એના સંબંધને નક્કી કરતો હોય એમ વાત મૂકે છે. આવનાર યુવાન નાયકને અનુરન્લા સાથેના સુંદર ભવિષ્યનાં સપનાં દેખાડે છે અને રાત્રે અનુરન્લા સાથે આવશે એમ કહી છૂટો પડે છે. મોડી રાત્રી સુધી નાયક એની રાહ જુએ છે પણ કોઈ ફરકતું નથી. નાયકને આ બાબતમાં કોઈ રમત રમાતી હોય એવું લાગે છે એટલે કંટાળીને નાયક બંગલા તરફ જાય છે. પણ ત્યાં મેજર મલ્કાનીને બદલે ખાણના માલિક ઉતર્યા હોય છે. નાયક અકોલાને માલિકની સરભરા કરતી જોઈ ગુસ્સે થાય છે. અકોલા પર આક્રોશ ઠાલવી નાયક ત્યાંથી નીકળી જાય છે. આખા રસ્તે અકોલાને ધુત્કારતો રહે છે.

આખા રસ્તે એ વિચારતો રહે છે કે પોતાને અકોલા સાથે કોઈ નિસ્બત જ નથી તો પછી આટલો બળાપો શા માટે ? અને ફરી સાંજે માલિકને મળવા ડાકબંગલે જાય છે પણ ત્યાં પહોંચતા પહેલા જ માલિકની ગાડી નીકળી ચુકી હોય છે. માલિકને શહેરમાં જઈને મળવું એવું નાયક નક્કી કરે છે. ફરી એક દિવસ અનુરન્લા અને તેનો ભાઇ નાયકને મળવા આવી પહોંચે છે. અનુરન્લાને જોઈ નાયક રોમાંચિત થઈ ઉઠે છે અને ભોજન માટે વિનંતી કરે છે પણ મોડું થતું હોવાથી થોડી વાર બેસીને નીકળી જાય છે. ખાણીયો આવીને અકોલા નાયકની રાહ જોતી બેઠી છે એવું કાનમાં કહી જણાવે છે. તેને અવગણી નાયક અનુરન્લાને વળાવવા જાય છે.

ડાક બંગલાના બનાવ પછી અકોલા સામેથી મળવા આવી હોય છે અને નાયક માટે ચુરમું લાવી હોય છે. અકોલા નાયકને એક કુબ્જાની કથા કહે છે. તેની વાતો પરથી લાગે છે કે અકોલા લોયન્લા તથા અનુરન્લાથી ઇર્ષા અનુભવે છે અને નાયકને એ બન્નેથી બચાવવા માટે આડકતરી રીતે એક ખૂબ જાણીતી કુબ્જાની કથા કહે છે. નાયક અને અકોલા વચ્ચે ફરી શરીર સંબંધ બંધાય છે. અહીં સવારના પ્હોરમાં નાયકને સોનેરી પંખીનું સ્વપ્ન આવે છે.

તે દિવસે માલિકને મળાયું ન હોવાથી એમને મળવા માટે નાયક ટેક્સી કરીને શહેર જવા નીકળે છે. પણ ગાડી ખરાબ થતા પાછો ફરે છે. વહેલી સવારે ફરી શહેર જવા માટે નીકળી ત્યાં પોતાના દૂરના સગાને મળવા જાય છે. નાયકની પહેલાં જ એની પ્રસિદ્ધિ ત્યાં પહોંચી ગઈ હોય છે. એમના દૂરના સગા નાયકને કશું જ ન કરવાની સલાહ આપે છે અને ત્યાં શહેર આવવાનો ખર્ચ પણ વ્યક્તિગત રીતે ભોગવવાનું જણાવે છે. માલિક અને તેમના સગાને લાગે છે કે સ્ત્રી આશક્ત થવાથી નાયક કામ પ્રત્યે બેધ્યાન થયો છે. પાછા ફરતાં ત્યાં રસ્તામાં અનુરન્લાને કોઈ પોતાના

જેવા જ પુરુષ સાથે જોવાનો દૃષ્ટિભ્રમ થાય છે. તેથી દિવાસ્વપ્નમાં સરી પડે છે. નાયક અનુરન્લાની પાછળ ક્યાંય સુધી ચાલ્યો જાય છે.

ખાણ પર પાછો આવતા ખાણિયો નાયકને અનુરન્લા અને અકોલા વિશે સમાચાર આપે છે. અનુરન્લાના આગમન વિશે જાણી નાયક ખુશ થાય છે. નાયકના આવવાની જાણ થતા જ અકોલા નાયકના ઘરે આવી પહોંચે છે. હવે મોટેભાગે અકોલાના ધામા નાયકને ત્યાં જ હોય છે. બન્ને સાથે ખાઈ-પીને મોજ-મસ્તી કરે છે. આમ જ બન્ને એક દિવસ ગંજીપો રમતાં હોય છે ત્યારે અચાનક અનુરન્લાનો ભાઈ આવી ચડે છે. અકોલાની હાજરીને કારણે નાયક છોભીલો પડી જાય છે. ખાણિયો આગંતુકની સરભરાં કરે છે. પણ અકોલા આવીને તે યુવાન સાથે ઝઘડો કરી બેસે છે અને અનુરન્લા વિશે મન ફાવે તેમ વાણી વિલાસ કરે છે. આ ઘટના બનવાથી નાયક તે યુવાન પાસે દિલગીરી વ્યક્ત કરે છે અને અનુરન્લા માટે પ્રેમ પાઠવે છે. પરંતુ અંદર આવીને અકોલાને કશું જ કહેતો નથી. અકોલા હજી આક્રોશમાં બબળાટ કરે છે. તે યુવાન પર તેનો આક્રોશ ચાલ્યા કરે છે. જમી પરવારી નાયક અકોલાને ભોગવીને સુતો હોય ત્યારે ખાણમાંથી શીલા પડવાનું અને તેની નીચે ચગદાઈ જવાનું સ્વપ્ન આવે છે.

અકોલાના વર્તનને કારણે અનુરન્લાના ભાઈને સાંભળવું પડ્યું તેથી નાયક અનુરન્લાના ઘરે જઈ પહોંચે છે અને બનેલ ઘટના બાબતે દિલગીરી વ્યક્ત કરે છે. અનુરન્લા થોડી ખિન્ન હોય છે. એ રાત્રે નાયક ત્યાં જ રોકાઈ જાય છે. પરંતુ સવાર પડતા જ અનુરન્લા કોઈ તલવારબાજ સાથે નીકળી જાય છે. અનુરન્લા નાયકને છોડીને કોઇ અન્ય સાથે જતી રહી તે માટે નાયક અકોલાને જ જવાબદાર ગણે છે. રસ્તામાં વિચાર વંટોળ તેને અનેક દિવાસ્વપ્નો દેખાડે છે. અકોલા પ્રત્યેની અરુચિ અને અનુરન્લાના ચાલ્યા જવાથી નાયક એકલતા અનુભવે છે. ત્યાં નાયકને લોયન્લા મળે છે. નાયક અને લોયન્લા બન્ને યાકુબાના મૃત્યુ માટે પોત પોતાને જવાબદાર ગણે છે. નાયક પ્રથમથી જ લોયન્લાને પામવા માંગતો હોઈ તે માટે તે યાકુબાનું મૃત્યુ ઇચ્છતો હશે એવું ક્ષણિક વિચાર નાયકને થઈ આવે છે.

વરસાદ શરૂ થવાથી ખાણનું કામ હવે બંધ થઈ ગયું હતું. પ્રથમ અનુરન્લાને ઘરે નાયક ગયો હોઈ પછી લોયન્લા સાથે હોઈ અકોલા નાયકને શોધવા મથામણ કરે છે. નાયક ઘરે આવતા અકોલા એને મળવા આવી પહોંચે છે. અકોલા નાયકને હવે સંપૂર્ણ રીતે પામવા ઇચ્છતી હોય છે.

બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થાય છે. અહીંથી નાયકના પતનના રસ્તા ખુલ્લે છે. નાયક અને લોયન્લા પર ગામમાં એક્ક મુકદમો ચાલે છે અને તેમાં ખાણનો ચોકીદાર, મુખી અને અકોલાની સંડોવણી હોય છે.

નાયક અને લોયન્લા વિરોધમાં એક મુકદમો મંડાય છે. નાયકને કહેણ આપી તેડાવવામાં આવે છે. પ્રથમ તો નાયક જવા માટે તૈયાર થતો નથી. પરંતુ ખાણિયાના સમજાવાથી નાયક જાય છે. ત્યાં આખું ઘર હકડેઠઠ લોકોથી ભર્યું હોય છે. ત્યાં લોયન્લા, ખાણનો માલિક, ચોકીદાર, અકોલા વગેરે પહેલેથી જ હાજર હોય છે. લોયન્લા પર યાકુબાના મૃત્યુનું કારણ બનવાનો આરોપ મૂકાય છે. લોયન્લા તે સ્વીકારતી નથી અને નાયક પણ તે વાતનો વિરોધ કરે છે. ત્યાં જ લોયન્લા પર નાયકને સ્ખલિત કરવાનો બીજો આરોપ મૂકાય છે. સાથોસાથ નાયકની પણ ઉલટ તપાસ થાય છે કે યાકુબાને બચાવવા તેણે શું કર્યું? લોયન્લાને પામવાનું આ કાવતરું નહોતું ને? અકોલા સાથે તેને શું સંબંધ છે? નાયક આ બધા જ સવાલોની સામે કહે કે એણે એના કામમાં ક્યાંય ચૂક કરી નથી. આ સભા આગલા દિવસની સાંજ સુધી મુલતવી રહે છે.

સાંજ પહેલાનો સમય નાયક લોયન્લા સાથે વિતાવે છે. લોયન્લા ત્યારે કોઇ અઘટિત બનવાનું જ છે એવી રીતે મનથી તૈયાર હોય એવું તેની વાતો પરથી લાગે છે. નાયક લોયન્લાને અહીંથી નાસી છૂટવા માટે જણાવે છે. લોયન્લા કહે છે કે, કયા કારણોને લઈને જવાનું ? ક્યાં જવાનું ? અને જે થવાનું છે તે તો નિશ્ચિત છે ? જાણે આજે મુકદમાનો શું ચુકાદો આવશે એનાથી લોયન્લા માહિતગાર જ હોય. તે આ વસ્તીમાં જ મોટી થઇ હોય અહીંના વ્યવહારથી પરિચિત હોય એમ આવનાર સમસ્યા માટે તૈયાર થઈ ગઈ હોય એવું લાગે છે.

નિશ્ચિત સમયે સભા ફરી શરૂ થાય છે. સભા વચ્ચે અટકી જ ન હોય અને અવિરત ચાલતી હોય એવું લાગે છે. લોયન્લાને નિર્વસ્ત્ર હાલતમાં પાણીમાં પધરાવી દેવાની સજા કરવામાં આવે છે. નાયક આ નિર્ણય સામે વિરોધ દર્શાવે છે પણ લોયન્લા આ સજાનો સ્વીકાર કરે છે. લોયન્લા જાણે પહેલાથી જ તૈયાર હોય એમ પોતાના વસ્ત્રો ઉતારી દે છે. એક કાંધીયો તેના હાથ બાંધીને પીઠ પર લઈને નીકળી પડે છે. નાયક તેની પાછળ જવાનું વિચાર કરે છે પણ બે ચાર લોકો તેને પકડી રાખે છે. ગમે તેમ કરી છૂટી નાયક તેમનાથી થોડી દૂરી બનાવીને તેમની પાછળ પાછળ ચાલ્યો જાય છે. ખીણ આવતા લોયન્લાને પાણીમાં પધરાવવામાં આવે છે. નાયક આ દશ્ય

જોઇ હતપ્રભ થઈ જાય છે. તેના મનને તીવ્ર ધક્કો લાગે છે. નાયક માંડ ઘરે પહોંચે છે. ત્યાં અકોલાને બાઘડ સાથે રતિક્રીડામાં રાચતી જુએ છે. અચાનક નાયક આવી ચડ્યો તેથી અકોલા હેબતાઈ જાય છે. નાયકને અકોલા પર ખુન્નસ ચડી આવે છે. 'તો આ બધા પેંતરા તારાં જ હતાં. તું મારું નિકંદન કાઢવા માગતી હતી'(પાના નં.૨૧૪) નાયક ગુસ્સમાં જ દીવાલ પર લટકતી તલવાર ખેંચી લે છે. અકોલા સામી તાડુકે છે કે, હા આ બધું જ મેં કર્યું છે. તું શું કરી શકે એમ છે. નાયક ગુસ્સામાં બેકાબુ બને છે. બાધડનું માથું દીવાલ સાથે અથડાવે છે અને તેના માથાના કાછલા ઉડી જાય છે. નાયક એક જ તલવારનો ઝાટકો અકોલાના શરીર પર ઉગામે છે. અકોલાને મોતને ઘાટ ઉતારી લોહીથી ખરડાયેલો નાયક લોયન્લાને જળ સમાધી આપી દે તે દિશામાં આગળ ને આગળ નીકળી પડે છે.

નવલકથામાં રજૂ થતા સ્વપ્નો કથાના નાયકને આવે છે. જેથી તેની મનઃસ્થિતિ વિશે જાણવું આવશ્યક બને છે. મોટેભાગે સ્વપ્નનું કારણ ભૂતકાળમાં હોય છે. અહિ નાયકનો ભૂતકાળ દર્શાવાયો નથી માત્ર વર્તમાન છે. તેના કુટુંબમાં પણ દુરના સંબંધી સિવાય કોઇનો ઉલ્લેખ જોવા મળતો નથી. જેથી તેના સ્વપ્નો માટે વર્તમાન જ સંશોધન વિષય બને છે.

ખાણમાં નાયક કોઇ ઉચ્ચ હોદ્દા પર છે. નોકરી પર એકલો જ આવ્યો છે. યુવાન હોય તેવું અનુમાન પણ લગાવી શકાય. યુવાની અને એકલતાને કારણે સતત યૌન લાલસાથી, વિષયરાગના વિચારોથી ઘેરાયેલ રહે છે. સ્ત્રીઓને જૂએ છે તો તેમના ગૂઢ અંગો પર જ તેની નજર સ્થિર થાય છે. કથામાં તેના દ્વારા જ રજૂ થતા થોડા અંશો જોઇએઃ

લોયન્લાને પ્રથમ વખતે જૂએ છે ત્યારેઃ

'સામે હિલ્લોળ લઇને, યુવતીઓ ફલોંગ ભરતી ઘૂમાઘૂમ નાચતી હતી. તેમની ઉન્નત છાતી પરનો ભારે શણગાર ઉછળતો, ઝળક્યા કરતો હતો......મધ્યમાં પેલી કન્યા તેના ભરચક દેહને ઝૂલાવતી, આમતેમ થનગનતી, વળી પુલકિત થોભી જતી હતી.' (પાના નં. ૧૩)

અંતમાં લોયન્લાને મળે છે ત્યારના વર્ણનોઃ

'તેનું અપૂર્વ રૂપસૌંદર્ય જોઇને હું ક્ષણભર દિગ્મૂઢ બની ગયો. કંચૂકીબંધમાં કસીને બહુલ સ્તનમંડળને તેણે સન્નદ્ધ સજેલાં હતા.' (પાના નં. ૧૭૫)

અકોલાનું વર્ણન.

'મસમોટા ઘાટના મોં પર તીંણા સરખા હોઠ, સમધારણ બેઠી દડીનું ભડભાદર બદન, ચાલતી વેળા મગતી છાતીનો આમતેમ હલબલતો ઉભાર, નજરને જકડી રાખતાં હતાં.' (પાના નં. ૧૮)...'હવે પથારી પરથી ઝૂલતા તેના બન્ને પગ જરાક બટકા પણ અંત્યત મોહક લાગતા હતા.' (પાના નં. ૧૯)

નાયક લોયન્લાથી આકર્ષાયેલ છે પરંતુ તેનો નોકર અનુગ્બા તેની સાથે જોડાયેલ છે તેવી જાણ થતાં ઉરમાં જાગેલ કામને કારણે અકોલા જેવી બજારૂ સ્ત્રી પાસે જઇ ચડે છે. (અહીં પણ તેને લાવનાર અનુગ્બા જ હતો.) હા પણ ત્યાં સ્પષ્ટતા જરૂર કરે છે કે, 'પણ એ બાઇથી હું જરા પણ આકર્ષાયો નહોતો.' (પાના નં.૨૨) ખરેખર તો તે આકર્ષાય છે અનુરન્લા- સૌદંયમૂર્તીથી. પ્રથમ તો તેને લોયન્લા સમજીને નજીક જાય છે ત્યાં ખબર પડે છે કે એ લોયન્લા તો નથી. તેનું સૌંદર્ય અને જાજરમાન વેશભૂષા જોઇને મંત્રમૂગ્ધ થઇ જાય છે. તેના મોહપાશમાં તેની પાછળ પાછળ તેના ઘર સૂધી પહોંચી જાય છે. પણ ઘરમાં જઇ શકતો નથી.

'એ લોલાક્ષીની ચમકારા મારતી આંખો, મોટા ફળાંના ચળકતા જમૈયા જેવા લાંબા પગ, મોહવશ કરી મૂકતા હતાં.' (પાના નં.૩૬)

'તેના પ્રચંડ સ્તનદ્વય અને સુકુમાર દેહષ્ટિનું લાવણ્ય જોઇ હું દિગ્ રહી ગયો. તેના અખિલરૂપને આલિંગનમાં લેવા જાણે હું ઉન્મત્ત બની ઉઠ્યો હતો. અણુએ અણુમાં મેં રોમ હર્ષ અનુભવ્યો.' (પાના નં.૮૪)

'તેનો મૃદુલ અવાજ, પ્રલંબ આંખોનો અણીયાળો દષ્ટિક્ષેપ, રક્તિમ્ હોઠોની કાતિલતા અને ચહેરા પરની દીપ્તિ, મને જાંણે મોહાંધ કરી મૂકતાં હતાં......આ રમણીના સ્પર્શનો એક અદમ્ય ઝૂરાપો મેં અનુભવ્યો હતો.' (પાના નં.૮૫)

નાયકના જીવનમાં ત્રણ સ્ત્રીઓ આવ-જા કરે છે. તેમાં લોયન્લા અને અનુરન્લા તેની ઝંખના બને છે, પરંતુ મળે છે અકોલા જેવી ભદ્દી કદરૂતી સ્ત્રી. જે પાસે છે તેની ચાહ નથી અને જેની ચાહ છે તે મળતું નથી તેની પીડામાં સતત અકોલાને જડવત બાઘડની જેમ ભોગવ્યા કરે છે. એકવાર અનુરન્લા સાથે રાત્રી રોકાણનો મોકો મળે છે ત્યારે પણ તેને સ્પર્શી શકતો નથી. મેજર મલ્કાની

દ્વારા લોયન્લાને ધરી દેવા છતા તેને ભોગવી શકતો નથી. પેલા ખસ્સી કરાયેલ ડુક્કર જેવી તેની હાલત થઇ ગઇ છે. નાયક અકોલાને ચાહતો નથી છતા તેના પર પોતાનો અધિકાર સમજે છે. તેને જ્યારે ખાણના માલિક સાથે જૂએ છે તો તેના પર ગુસ્સે થઇ જફ્ફટ, કુલટા કહી ફટકારે છે. અહીં માત્ર અકોલા પ્રત્યે જ નહીં માલિક પ્રત્યે પણ દ્વેષ અનુભવે છે. થોડા દિવસ પછી પોતાના જ વર્તન પર વિચાર કરે છે.

'પણ પછી તેના પ્રત્યેની કટુતા આપોઆપ ઓસરતી ગઇ. મારે તેની સાથે કંઇ લાગતું વળગતુ હતું નહિ.' (પાના નં.૮૨)

નાયક અકોલા સામે અને અનુરન્લા સામે અલગ અલગ સ્વરૂપે પ્રગટ થાય છે. અનુરન્લાને જોઇ તેના સુષુપ્ત સ્વપ્ન સળવળી ઉઠે છે. 'રન્ધ્રે રન્ધ્રમાં દૂર્દમ્ય એવી તણખ ઉપડે છે.' આ તણખ મીટાવવા તેની પાસે અકોલા સિવાય કોઇ નથી. અનુરન્લાને સ્વપ્નમાં સેવી અકોલા સાથે સમાગમમાં રાચે છે. નાયક આ બન્ને સ્ત્રી વચ્ચે અટવાઇ ચૂક્યો છે. અકોલા સાથે માત્ર સમય પસાર કરતો હતો તેવું જણાવતા એકરાર કરે છે કે, 'ખરેખર તો મારે કશું કરવાનું નહોતું. એટલે તેની જોડે ગેલ ગમ્મતમાં હું આડોઅવળો સમય વીતાવતો હતો.' (પાના નં.૧૪૨) અકોલા સાથે હોવા છતાં મન તો પેલી રૂપરાજ્ઞી પાસે જ હોય છે.

'અમારા સંયોગની ક્ષણે, પેલી સૌંદર્યરાજ્ઞીને મનોમન હું ઉપભોગતો હોઉં એવી ભ્રાંતી ઉપજતી. ધીરેધીરે આ કામૂકા પ્રતી જુગુપ્સા ભરાઇ આવતી. અમારા સમાગમ અને સ્વપ્નરતિ વચ્ચે મને કશો ભેદ જણાતો નહિ. મારી બુભુક્ષા બળવત્તર બનીને અંદરથી મને કરડવા માંડતી. ત્યાં પેલો ક્લેષ ઝાઝું ટકતો નહોતો. આમ તેને ફરીફરીને સંભોગવા, મારો કામાગ્નિ ભડકે બળતો હતો. તેનાં કશાક સંમોહક બળનો જ આ બધો પ્રપંચ હોય એમ મને લાગતું. કેમકે આ રતિચક્ર અવિરત મને અંદરથી ઝૂરેઝૂરા કરતું, ભીંસીભીંસીને પીલતું પીસતું હતું.' (પાના નં. ૧૪૩)

નાયકનું સમગ્ર વ્યક્તિત્વ તેને લગતા તમામ સવાલોના જવાબ ઉપરના કથનમાં મળી જાય છે. તે અકોલાને ચાહતો નથી છતા માત્ર કામલાલસાને કારણે તેનાથી છૂટી શકતો નથી. પોતાની અંદરની પીડાને વેઢાંર્યે જાય છે. પ્રથમથી જ લોયન્લાને પામવાની તેની ઝંખના હોય છેઃ 'કોણ જાણે એ જૂવાનનું મોત અજાણપણે હું વાંછતો હોઇશ' (પાના નં.૨૦૨) એવા અપરાધભાવની પીડા અનુભવતો લોયન્લાને પામી પીડામોચન પામે છે. હકીકતમાં તેને નથી મળતી લોયન્લા કે નથી

મળતી અનુરન્લા આ બન્ને ન મળવાનું કારણ અકોલાને સમજી બેસે છે અને ક્રોધાવેશમાં અકોલાનું ખૂન કરી બેસે છે.

આમ નાયકનું વ્યક્તિત્વ અહીં Complex પ્રકારે વ્યંજિત થાય છે. 'નિશાચક્ર' અને 'રિક્તરાગ'ના નાયકમાં કંઇ જાજો તફાવત જણાતો નથી. જે ચાહે છે તે પામી નથી શકતો અને અચાહ્ય એવી તુચ્છ વસ્તુને છોડી નથી શકતો. અંતે પલાયનના પગરણ માંડે છે.

નવલકથામાં નાયક 'હું' સતત વિચાર અને ભ્રાંતિમાં જીવતો રહે છે. તેનું લોલુપ વ્યક્તિત્વ ભ્રાંતિની સાથોસાથ સ્વપ્નમાં પણ પ્રગટ થતું રહે છે. 'રિક્તરાગ'ના સ્વપ્નના બે ફાંટા પડે છેઃ એકમાં સોનેરી, રૂપેરી પંખી અને સિંહના પ્રતીકો છે. જ્યારે બીજામાં સરળ રૂપે અગાઉની કામના અને ઇચ્છાઓ કે ભય પ્રદર્શિત થયેલ જોવા મળે છે. અહીં નિરૂપાયેલ સ્વપ્નની પાશ્ચભૂની ઓળખ કે અર્થઘટન આપણે પાશ્ચાત્ય Psychology મૂજબ કરવું ઘટે. ફ્રોઇડના મતે સ્વપ્ન પ્રતીકોના અંશો વ્યક્તિની સુષુપ્ત કામનાઓમાં રહેલ હોય છે. અહીં નાયકનું પાત્ર અઢળક કામનાથી ભરપૂર છે.

'ઓરડામાં તેજ જબકાર થયો. પછી પાછલી બારીની તખ્તી પર ચાંચ ઠોકાતી હોય એવો અવાજ ઉઠ્યો. એક ઝપટ સાથે તોળાઇને નજર સામે વિશાળ પાંખો ફેલાતી જતી લાગી. તેના પરની અસંખ્ય રંગબેરંગી ટપકીઓની ભાત હવે આછી આછી ચળકી રહી. બારીક પીંછાઓનાં કલાપમાં બધે નિલવર્ણી ઝાંય વળેલી હતી. ભરાવદાર રતુમડી ડોક તળે સોનેરી ચગદા જબકારા મારતાં હતાં. અકળ રીતે તગતગ્યા કરતી ભૂરી આંખો ફરતે સોહાતાં ચકામાં, સુરેખ પીઠ પર લાલલીલી છાંટવાળાં વીલસતાં ઝૂમખાં, એ સર્વ ચિત્તાકર્ષક લાગતાં હતાં. પેલી આંખોના અવારનવાર થતાં પલકારાઓને કારણે દિવાલો પરનું તેજ થરકતું હતું. નજર સામે ધબકતો, હાંફતો એ આકાર ધીમેધીમે સમગ્ર ઓરડામાં છવાતો ગયો. એકાએક થયું, કશાક અણજાણ મોહપાશમાં હાથપગ જકડાઇ ગયાં હતાં, પણ બીજી જ પળે જોયું તો બે વજ્ર પંજાઓ તળે શરીર આખું ભીંસાઇ રહ્યું હતું. હવે જરાપણ ચસ્કી શકાય એમ નહોતું. તિક્ષ્ણ ચાંચનો આંકડો હોઠને ખોતરતો ઉંડેને ઉંડે ઉતરતો જતો હતો. તેના લીધે રોમેરોમમાં દાહકતા અનુભવાતી હતી. ગળામાં શોષ પડતો લાગ્યો. એક આંચકા સાથે પથારીમાં બેસી પડ્યો.'(પાના નં. ૨)

આ સ્વપ્નને ફ્રોઇડની શૈલીથી તપાસીએ તો તમામ પ્રતીકો રતિકામને જ ઉજાગર કરે છે. ઓરડો એટલે સ્ત્રી અને તેજ જબકાર એટલે વિષયની અનુભૂતિ. 'બારીની તખ્તી પર ચાંચ ઠોકાવી'

એટલે અહીં બારીની તખ્તી સ્ત્રીનું ગુહ્યાંગ અને ચાંચનું ઠોકાવું તે પુરુષનું સ્ત્રી સાથેનું મિલન સુચવે છે, મૈથુનક્રિયા દર્શાવે છે. પાંખનો ફેલાવો અને પીંછાનો કલાપ એટલે સ્ત્રીનું કે સાથીનું આલિંગન. રંગબેરંગી ટપકીવાળી ભાત, નીલવર્ણા ઝાંય વાળા પીંછાઓનો કલાપ, ભરાવદાર રતુમડી ડોક, સોનેરી ચગદા, અકળ તગતગતી આંખો, તમામ સ્ત્રીના કામોત્તેજક અંગો તરફ નિર્દેશ કરે છે. આંખ એ સ્ત્રી અને દિવાલ એ પુરુષના ઉપસ્થ તરફ આંગળી ચીંધે છે. નજર સામે ધબકતો હાંફતો આકાર સ્ત્રી અને પુરુષની સમાગમ સ્થિતિને પ્રકાશીત કરે છે. 'હાથ પગ' પુરુષ અને 'હોઠ' સ્ત્રીના અંગો સૂચવે છે. હાથપગનું જકડાઇ જવું, બે વજ પંજાઓ તળે શરીર ભીંસાવું, હોઠ ખોતરવાં, ચાંચનો આંકડો ઉંડેને ઉંડે ઉતરવો, વિગેરે મૈથુનક્રિયાના પ્રતીકો બને છે. રોમરોમમાં દાહકતા અને ગળામાં પડતો શોષ વિષયરાગ સમયની ઉત્કંઠતા રજૂ કરે છે, રતિક્રિડાની ઝંખના પ્રગટ કરે છે. આ પ્રથમ ખાણનું રૂપેરી પંખીનું સ્વપ્ન - જેને શરીફા વીજળીવાળાના કહેવા મુજબ 'પંખીની ગતિવિધિ રતિક્રિડાની દ્રુત વિલંબિત પ્રક્રિયાને વ્યંજિત કરે છે.' (વીજળીવાળા શરીફા, રિક્તરાગ, અધીતઃ પર્વ – ૧, સંઃ ચંન્દ્રવાડીયા જે. એમ, પંડ્યા ભરત અને અન્ય, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પાના નં. ૧૧૫) માય ડિયર જયુ તેને કથાનાયકની આંતર દશાનો અણસાર કહે છે. (માય ડિયર જયુ, 'રિક્તરાગ'ના આયામ અને આયાસ વિશે, કિશોર જાદવ અધ્યયન ગ્રંથ, સંઃ જાદવ કિશોર, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, આવૃતિ-૨૦૦૬, પાના નં. ૭૮)

નટરવરસિંહ પરમાર આ તમામ પ્રતીકોને આ જ રીતે ખોલી આપતા જણાવે છે કે, 'સ્વપ્નમાં યોજાયેલું પ્રતીકુનું સમગ્ર તંત્રવિધાન કથાનાયક 'હું'ના મનઃકોષમાં દઢ વળગણ રૂપે ગાંઠ બની ગયેલા સ્ત્રીના શરીરની ઉત્કૃષ્ટ રાગ-તૃષ્ણાને આલોકિત કરે છે.' (નટવરસિંહ પરમાર, ખાસ્સી મોટી સંભાવના અંકુરિત થતી રહી ગઈ!, કિશોર જાદવ અધ્યયન ગ્રંથ, સંઃ જાદવ કિશોર, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, આવૃતિ-૨૦૦૬, પાના નં. ૯૩) ભરત મહેતા પણ તેમના સંશોધન ગ્રથમાં આ પ્રતીકોને આ જ સ્વરૂપે સ્વીકારે છે. (મહેતા ભરત, ચાર નવલકથાકારો, ડિવાઈન પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ નવેમ્બર- ૨૦૦૬, પાના નં. ૨૮૧)

નાયક વિષયી છે તે બાબત કથા જેમ જેમ આગળ વધતી જાય છે તેમ તેમ જાણવા મળે છે. પરંતુ શરૂઆતમાં જ 'હું'ને વિષયી માની લેવો કેટલું યોગ્ય ? સમગ્ર કથામાંથી પસાર થતાં આ

રૂપેરી પંખી એટલે પ્રેમ- શુદ્ધપ્રેમને પામવાની ઇચ્છા. અને વજ પંજાઓ તળે ભીંસાતો નાયક અને તે વજ પંજા એટલે વિષયી અકોલા તેવું અર્થઘટન પણ થઇ શકે. નાયકને 'અહીં આવ્યાને હજી બે-ત્રણ દિવસ જ થયા છે. તેથી વાતાવરણ સાથે 'હું' સુમેળ સાધી શક્યો ન હોવાથી વહેલી સવારે અર્ધજાગૃત અવસ્થામાં એના ચિત્તતંત્રમાં કંઇક એવા સંચલનો ઉઠે છે- એનું નિરૂપણ હોય એવું વધુ લાગે છે.' (નરેશ શુક્લ, વ્યક્તિત્વ હ્રાસની કથાઃ 'રિક્તરાગ', કિશોર જાદવ અધ્યયન ગ્રંથ, સંઃ જાદવ કિશોર, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, આવૃતિ-૨૦૦૬, પાના નં. ૧૦૩) પરંતુ આ પ્રતીકો મૈથુનક્રિયાને રજૂ કરે છે એ વાત પણ સ્વીકારવી પડે અને આ વાત નાયકને વિષયી પણ સાબીત કરે છે.

કથાની શરૂઆતમાં રૂપેરી પંખી સ્વપ્નમાં આવે છે અને કથા મધ્યે સ્વપ્નસૃષ્ટિ પ્રકરણના અંતે ફરી એક સોનેરી પંખી પરોઢમાં નાયકના ચિત્તમાં પ્રવેશે છે. 'પરોઢ થતાં ચોકી પડ્યો. પાછલી બારી હવાની થાપટો ખાઇને ઉઘાડવાસમાં એક રાતી ટશર ઉગી આવી. મકાનની પછીતના ક્યાંક ગોખમાંથી નીકળીને, પાંખો ફફડાવતું એક સોનેરી પંખી ઉંચે ઉડતું ગયું. ધીમેધીમે ક્ષિતિજરેખા પર એ વિહરવા લાગ્યું. નીચે શ્વેત કમળવન વિલસી રહ્યું હતું. દૃષ્ટિમર્યાદાની પેલે પાર લુપ્ત થતું એ અજ્ઞાત પંખી, મારો સ્મૃતિભ્રમ હશે કે શું, મેં વિચાર્યું. કોઇ આવી જ પળે, ઉગતા સૂર્યના કિરણને ચાંચમાં નાંખી, દીશાઓમાં સરી જતા એ પંખીને મેં દીઠ્યું હતું. અતીતના એ ઉડ્ડયનનો દૂરના અનંતપટ પર જાંણે મને ભાસ થયો હતો. મનોમન નક્કી કરૂં તે પહેલાં, બારણે ટકોરાં પડ્યાં. હું સફાળો જાગી ઉઠ્યો.' (પાના નં. ૯૯)

રાતી ટશર, ગોખ એટલે સ્ત્રીના ગુહ્યાંગ અને પાંખો ફફડાવતું સોનેરી પંખી એટલે પુરુષનું સમાગમ પછી અલગ થવું. હવાની થપાટો ખાઇને ઉઘાડવાસમાં દીવાલ સાથે ભટકાવાની ક્રીયા એટલે સતત સંભોગની દશા -વારંવારની ક્રીયા. શ્વેત કમળવન એટલે સ્ત્રી રતિ. અકોલા, લોયન્લા, અનુરન્લાની સ્વપ્નરતિમાંથી એ અજ્ઞાત પંખી ઉંચે ઉડી જાય છે. અહીં નાયક અકોલા સાથે મૈથુનરત હોવા છતાં તેની અંદરની રિક્તતાનો નિર્દેશ થયો છે. નાયકનો ધ્યેય તો અલગ જ છે. નાયકની પલાયનની વાતનો પણ અહીં ઉલ્લેખ જોઇ શકાય છે. આ અજ્ઞાત પંખીને નાયકે અગાઉ જોયું હોય તેવું લાગે છે આ બાબત નાયકથી દૂર ચાલી ગયેલ લોયન્લા તરફ પણ અંગૂલી નિર્દેશ કરે છે.

સરકતું શહેર સરકતા રસ્તા પ્રકરણમાં નાયક અનુરન્લાને સરકતી નિહાળે છે. આ દષ્ટિભ્રમને દિવાસ્વપ્નની યાદીમાં મૂકી શકાય. પોતાના સંબંધીને મળીને આવે છે ત્યારે અનુરન્લાને પોતાના જેવા જ એક વ્યક્તિ સાથે જૂએ છે. પ્રેમાલાપ કરતા આ જોડામાં સામેનો વ્યક્તિ નાયક જેવો જ દેખાય છે. હાલવા-ચાલવાની ઉભા રહેવાની અદા, કપડા સુદ્ધાં નાયક જેવા જ છે. તેની આસપાસ તેજ છાયા દેખાય છે અને એ બન્નેને ઓતપ્રોત થતાં જૂએ છે. અહીં નાયકની અનુરન્લાને પામવાની તેની કામના છતી થાય છે. પરંતુ સાથોસાથ અનુરન્લાને ખોઇ બેસવાનો ડર પણ છે. તેથી જ અનુરન્લા સાથે નાયકની પ્રતીકૃતિ રૂપે અન્ય વ્યક્તિમાં વિસ્થાપન થયું છે.

નાયક કથામાં એકવાર પહાડની ટોચે ફરવા જવાની ઇચ્છા વ્યક્ત કરે છે. તે જ ઇચ્છા સ્વપ્ન સ્વરૂપે પાના નં. ૧૩૪ પર પ્રદર્શિત થાય છે. અગાઉ કાવડ કરી લેવાની વાતને સ્થાને ધિંગડમલ્લ પ્રગટે છે. આ ધિંગડમલ્લના માથે નિર્વસ્ત્ર અકોલા નાયકની આદીમવૃતિને પ્રદર્શિત કરે છે. આ ચટાપટાળો દિપડો - રાની પશુ વિષયાશક્તિને રજૂ કરે છે. રાની પશુ જેમ જ ઘણીવાર નાયક અકોલા પર ટૂટી પડે છે તેની બુભુક્ષાઓને શાંત કરવા. ડણકની પ્રતિધ્વની એટલે વાસનાવૃતિ કામની તડપ. જેમ એકવાર લોયન્લાને નિર્વસ્ત્ર જોઇને ઉભી પૂંછળીયે નાઠે છે તેમ અહીં પણ નાઠે છે. તેને દજવતી સૂર્યની તેજ ધારા તેના અંદરનો દવ છે. આ સ્વપ્નથી જ નાયક દરેક સ્વપ્નને અંતે બૂમ પાડે છે અથવા ડરીને રાડારાડ કરે છે.

નવલકથામાં સ્વપ્નો નાયક અને અકોલાના રતિમંથન બાદ જ મૂકવામાં આવ્યા છે. તેવી જ રીતે અનુરન્લાના ભાઇ અને અકોલા વચ્ચે ઝઘડો થયા બાદ અકોલા સાથે સહયોગ માણ્યા પછી અઘરાતે નાયકને સ્વપ્ન આવે છે. જેમાં કોઇ તોતીંગ શલ્યાને પાંચ-છ જણ ગબડાવતા દેખાય છે. શલ્યાના રસ્તામાં એક માનવનો પડછાયો દેખાય છે. શલ્યા તેના પર પડે અને કચ્ચરો ઉડાવી મૂકશે તેની દહેશત સાથે અવગત કરવા બહાર નીકળવા જાય છે. ત્યા તોતીંગ શલ્યા બારણા વચ્ચે ચસોચસ આવી જાય છે. નાયકના ધમપછાડા છતાં કોઇ સળવળાટ થતો નથી. “પેલી શલ્યા ઉઘાડાં બારણાં વચ્ચે ચસોચસ ભીડાયેલી હતી. ભયભીત બની જઇ, એકાએક હોહા મચાવતાં મેં બૂમાબૂમ કરી મૂકી. અકોલા પરોઢ પહેલાં જ નીકળી ગઇ હતી. ઓરડાઓમાં ધમપછાડા મારતો હું ભાગંભાગ કરતો રહ્યોં બારીઓમાંથી ચીસરાણ કરી મેં ઘા નાંખી. ‘આ છીપરને હટાવો. કોઇ મકાન ખોલો.’ કોઇનો સળવળાટ સરખો વરતાયો નહિ. એથી બારીનાં સળિયાઓ ઝાલી

હચમચાવવા મથ્યો. જીવ ઉપરતળે થતો ઘૂંટાતો હતો; કશીક કાળકોટળીમાં પૂરાયો હોય એવી રૂંધામણ અનુભવાતી હતી. દિવાલો પર મૂક્કાઓ ઉછાળતો જઇને હું શલ્યાને બાઝયો. તેને બળપૂર્વક ઉખેડવા માંગતો હોઉં એમ કરારોળ કરી મેં એક ચિત્કાર નાંખ્યો.'' (પાના નં. ૧૫૨)

અહીં અગાઉ મૂખી, દરવાન વગેરે એક તોતિંગ શલ્યાને ઉથલાવતા હોય છે અને નાયક તેને અટકાવે છે. માલિકનું ફરમાન હોવાથી નાયકની કોઇ કારી ચાલતી નથી. આ બાબતનો છેડો અહીં સંધાય છે. શલ્યા તળે કોઇ ચકદાઇ જશે તો ? એ ડર સ્વપ્નપ્રપંચ રચી પ્રગટ થાય છે. નરેશ શુક્લના મતે 'અહીં હુંના પેલા વિચારશીલ પાસાને પેલી સ્ત્રીઓ વડે ગૂંગળાવી દીધો હોવાની ભ્રાંતી થઈ આવે છે.'(નરેશ શુક્લ, વ્યક્તિત્વ હ્રાસની કથાઃ 'રિક્તરાગ', કિશોર જાદવ અધ્યયન ગ્રંથ, સંઃ જાદવ કિશોર, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, આવૃતિ-૨૦૦૬, પાના નં. ૧૦૪) થોડા સમય પહેલા જ અનુરન્લાનો ભાઇ અને અકોલાનો ઝઘડો થયો હોય છે. અકોલા રૂપી કાળમીંઢ પથ્થર નાયકની છાતી પર પડ્યો છે. જેના બોજ તળે નાયક મૂંઝારો અનુભવે છે. ધણી બૂમાબૂમ છતાં કોઇ નથી આવતું - નાયકના જીવનમાં પણ ઘણા પ્રયત્નો છતાં કોઇ નથી આવતું ન તો અનુરન્લા ન તો લોયન્લા. મળી છે અકોલા જેમાંથી છૂટી શકાતું નથી.

સાતમાં પ્રકરણમાં ફરીથી પેલો સિંહ દેખાય છે. સાથોસાથ પ્રથમ સ્વપ્નમાં દેખાયેલ રૂપેરી પંખી ફરી પણ આવે છે. અનુરન્લા તલવારબાઝ સાથે દૂર દેશ ચાલી ગઇ છે તેની હતાશા સાથે ઘરે આવે છે અને 'મકાનના આગળના ચોગાનમાં લીલા ઘાસ પર વળી પેલો સિંહ ઉભેલો મેં દીઠ્યો. કેળચંપાના ઝાડ સામે મોં રાખીને જાંણે ફૂલોની સુગંધને સૂંઘતો. ભયવિહવળ બની જઇ હું રસોડાની આડશમાં છૂપાયો. સિંહ એટલામાં ત્યાં ચોગરદમ આંટાફેરા લગાવતો રહ્યો. યાળ ખંખેરી તેંણે એક મોટી ડણક નાંખી તેથી દિશ દિશાઓ ગર્જી ઉઠી. જોયું તો તેની પીઠ પર એક રૂપેરી પંખી પાંખો પ્રસારીને સ્થિર થઇ બેઠું હતું. જાણે ઉડવાની તૈયારીમાં હોય એમ. તેની ચાંચ આકાશની દિશામાં હતી અને ડોકને આમતેમ હલાવી ઉપરના અમેય વિસ્તારને નિરખ્યા કરતું હતું... ઉપલાણમાં અદશ્ય થઇ ગયો.'(પાના નં.૧૬૭)

અહીં રૂપેરી પંખી રૂપી એની વાસનાઓ પેલા વ્યક્તિત્વ પર પૂરેપૂરી સવાર થઇ ચૂકી છે. સિંહ અકળાય છે. છતાં એ વાસના પીછો છોડતી નથી. છેવટે ડણક નાંખી-અકોલાનું ખૂન કરી તે પંખીની સાથે જ અદશ્ય થઇ જાય છે. એટલે કે એની તમામ વાસનાઓ અને જે કંઇ વ્યક્તિત્વ છે

તે બધું સાથે લઇને ક્યાંક ઉપલાણમાં અલોપ થઇ જવાનો છે. આ સિંહ એટલે વાસનાગત નાયક પોતે અને પેલું રૂપેરી પંખી એટલે પ્રથમ દષ્ટિએ નાયક જેના પર મોહીત થયેલ તે લોયન્લા. રૂપેરી પંખી લોયન્લા સાથે સિંહ રૂપી નાયક વાસના-આસક્તિ ખંખેરી અંતે ખીણના અભેરામ જળમાં ગળક થઇ જાય છે. બીજી તરફ અનુરન્લા પણ તલવારબાઝ સાથે ચાલી ગઇ છે તે ઘટના નાયકના ચિત્તમાં તાજી છે. આમ કોઇ એક જ સ્વપ્નમાં એકથી વધુ ઇંગિતો હોઇ શકે છે. પ્રયોગશીલ એવી આ નવલકથામાં તમામ પ્લોટ હવામાં તરે છે, એટલે કયા કારણને લીધે કંઇ ઘટના બની રહી છે તે સ્પષ્ટ કહેવું મુશ્કેલ છે.

આ સમગ્ર નવલકથા પ્રયોગશીલ યુગનું પરિણામ છે. કથા નાયકના મનોવ્યાપારો, વર્તનો, ભ્રમ, દિવાસ્વપ્ન અને સ્વપ્નો દ્વારા રજૂ કરવાના આશય વિનાના પ્રયાસો છે. 'રિક્તરાગ' નવલકથામાં સ્વપ્ન સિવાય પણ અનેક પ્રતીકો નજરે પડે છે. જેમકે તોતીંગ શલ્યા (મૃત્યુનું અવતરણ), બાઘડ (નાયકનું જ સ્વરૂપ), ખસ્સી કરેલ સુવ્વર (નપુંસતા), અકોલા(રાગ-ભોગ), જ્યારે સ્વપ્ન પ્રતીકોમાં સોનેરી-રૂપેરી પંખી, સિંહ, મકાન, હોઠ, હાથ, પગ, બંધ ઘર, દિવાલ, શલ્યા, ચંપાની સુગંધ, પક્ષીની ચાંચ, કમળવન, તેજ પ્રકાશ.... આમ ભૌતિક અને અભૌતિક, સજીવ અને નિર્જીવ તમામ પ્રકારના પ્રતીકો રજૂ થયા છે.

શરીફા વીજળીવાળા કહે છે તેમ "આ સઘળાં પ્રતીકોનો અર્થ શો કાઢીશું ? તેની ઉપકારકતા/અનિવાર્યતા સિદ્ધ કઇ રીતે કરીશું? લટકણીયાં જેવાં આયાસી પ્રતીકો શિથિલ નવલકથાના બંધને ઓર શિથિલ બનાવે છે. આભાસી વિશ્વની આ બધી લીલાને આપણા વિવેચકો વળી 'સ્વપ્નવાસ્તવ' કે Private Mystificationના લેબલ મારી આપે છે."(વીજળીવાળા શરીફા, રિક્તરાગ, અધીતઃ પર્વ – ૧, સંઃ ચંન્દ્રવાડીયા જે. એમ, પંડ્યા ભરત અને અન્ય, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પાના નં. ૧૧૫) આ વિધાન સાથે સંપૂર્ણપણે સહમત થઈ શકાય તેમ નથી. હા, માત્ર સ્વપ્નવાસ્તવ કહી દેવાથી ધડ-માંથા વિનાના લટકતા પ્રતીકો ગળે ઉતરતા નથી એ વાત સાચી. પરંતુ સ્વપ્ન પ્રતીકોના અર્થ કથામાં જ ઘટતી ઘટના, પાત્રના વર્તન વ્યવહાર અને સંવાદોમાં છૂપાયેલા હોય છે. 'રિક્તરાગ'ની કથા બંધ થોડો છૂટો છવાયો અને થોડો દૂર્બોધ હોવાના કારણે વાચકના હાથમાં આ છૂપાયેલા અર્થ ન પણ મળે અથવા એકથી વધુ અર્થ મળે તેમ પણ બની શકે છે. તેનું એક કારણ બિનગુજરાતી પરિવેશ પણ હોઇ

શકે. વળી આ નવલકથાને ભારતીય દષ્ટિકોણ કરતા પાશ્ચાત્ય મનોવિજ્ઞાનને સામે રાખીને તપાસવી ઘટે. ફ્રોઇડ અને યુંગની મનોવિજ્ઞાનની થિયરી સામે રાખીએ તો તમામ (સ્વપ્ન) પ્રતીકોને નાયકની વિષય આસક્તિ સાથે સહજ રીતે જોડી શકાય તેમ છે.

આ નવલકથાની ભાષા એક વિશિષ્ટ પ્રકારની ભાષા છે. જેનું કારણ કદાચ સર્જક ગુજરાત બહાર નાગાલેન્ડમાં સ્થિર થયા તે છે. જે તે સમયે સર્જક અહીંથી ગયા તે સમયની ગુજરાતી તેમની પાસે સચવાયેલ, સ્થિર થયેલ. જ્યારે સામે પક્ષે ગુજરાતમાં ગુજરાતી ભાષા સતત પરિવર્તન પામતી રહી. નવલકથામાં સંસ્કૃત તત્સમ શિષ્ટ શબ્દ પદાવલી પણ છે અને દેશી લહેકા વાળી શબ્દ પદાવલી પણ છે. સ્વપ્નમાં ઓછા શબ્દો વડે જાજૂ કહેવાની જરૂર હોય ત્યારે ભાષા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અહીં 'હું'નું કથનકેન્દ્ર વયરાયેલું છે, તેથી સ્વપ્નની શબ્દેસહ પ્રસ્તુતી શક્ય બનતી નથી. 'હું'ને તેના અનુભવમાંથી જેટલું યાદ રહે છે તે તેના શબ્દોમાં રજૂ કરે છે. સ્વપ્ન ખરેખર તો એક શોર્ટ ફિલ્મ હોય છે. અહીં નાયક સ્વપ્ન જૂએ પણ છે અને લાઇવ ટેલિકાસ્ટ પણ કરે છે.

સ્વપ્નની ભાષામાં દશ્યાત્મકતા અને નાટ્યાત્મકતાના ગુણો રહેલા હોવા જરૂરી છે. કેમકે સ્વપ્ન ગતિમય સ્વરૂપ છે. ચાંચ ઠોકાવાનો અવાજ, સિંહની ત્રાડ, રાની પશુની ડળક કર્ણેન્દ્રીયને પ્રભાવિત કરે છે. લાલ, લીલો, પીળો, ચટ્ટાપટ્ટાળો વગેરે રંગો દશ્યને સતેજ કરે છે. હાંફતો આકાર, સળવળાટ અને ખળભળાટ ગતિમય આલેખનને પોષે છે. તમામ સ્વપ્નોના વર્ણન એક પછી એક બનતી ક્રિયાને શબ્દો દ્વારા પ્રગટ કરે છે. સ્વપ્નભાષામાં મહત્ત્વના હોય છે - પ્રતીકો. જેમાં અહીં થોડા સરળ તો ક્યાંક જટીલ પ્રતીકો વપરાયા છે. આ પ્રતીકોમાં સિંહ, સોનેરી રૂપેરીપંખી મહત્ત્વના છે. સર્જક માટે ચેલેન્જ હોય છે જૂના વપરાતા આવતા પ્રતીકો નવા અર્થો સાથે તેને પ્રયોજવા. અહીં સ્વપ્ન 'પ્રતીકો બોલકાં બનતાં નથી, અને સભાનપણે મૂકવામાં આવ્યાં હોય એવી છાપ પાડતાં નથી.' (પ્રસાદ બ્રહ્મભટ્ટ, 'રિક્તરાગ'ની કરૂણકથા, કિશોર જાદવ અધ્યયન ગ્રંથ, સંઃ જાદવ કિશોર, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, આવૃત્તિ-૨૦૦૬, પાના નં. ૮૫)

'રિક્તરાગ'માં સર્જકનો આશય કોઇ ઘટના કરતા નાયકના મન અને તેના વ્યાપારોને રજૂ કરવાનો રહ્યો છે. કથાનાયકની કૂત્સીત બુદ્ધિ, તેની નિર્માલ્ય સ્થિતિ, હતપ્રત અવસ્થા, તેની અસલ આદીમ ઝંખના, નપુસંકતાને ચિત્રાત્મક રીતે ઉપસાવવામાં સ્વપ્નની ભાષા કારગર નિવડી છે. તેના

રતિ આવેગો અને સહવાસને જેટલા સ્પષ્ટ દર્શાવાયા છે તેટલી જ બળકટતાથી સ્વપ્નમાં પણ પ્રગટાવ્યા છે. આ સ્વપ્નોનું કારણ છે નાયકનો ચેતનાવ્યાપાર. આ અચેતન મનની સીમા અનંત સુધી ફેલાયેલ છે. સતત સ્ત્રીના સહવાસની ઝંખના નાયકના અચેતન મનમાં ભમ્યા કરે છે. સ્વપ્ન સ્વરૂપે આ ઝંખનાઓ ન પ્રગટે તો આ લાગણી કુંઠીત થઇ અને મનોવૈજ્ઞાનીક રોગની દિશામાં જઇ શકે છે. પરંતુ અહીં કથાનો આશય માત્ર આદિમ કામનાને પ્રદર્શિત કરવાનો છે. જેના માટે સ્વપ્ન શ્રેષ્ઠ માધ્યમ બને છે. ઓછા સમયમાં સંકુલ ભાવનાઓ સ્વપ્ન દ્વારા ધાર્યુ લક્ષ્ય સાધી અને નાવીન્યનો આવિષ્કાર કરે છે. ભમી ગયેલ ચિત્ત અવસ્થા કે સ્વપ્નસ્થ અવસ્થા અચેતન મનનું જ બીજ છે. સર્જકને આ અનિષ્ટના બીજને જે છે તેવા જ રૂપે કોઇ છોછ રાખ્યા વિના પ્રગટ કરવું છે. જેના માટે સ્વપ્નથી વધું કારગર પ્રયુક્તિ હોઇ શકે નહીં.

'રિક્તરાગ' નવલકથામાં અન્ય નવલકથાની જેમ વાસ્તવ અને સ્વપ્ન વાસ્તવમાં જાજો ફર્ક નથી. સમજણની રીતે ભેદ છે તો માત્ર પ્રસ્તુતિનો. નાયક વિચારમાંથી સ્વપ્નમાં સહજ રીતે સરતો રહે છે તેની ક્યારેક નાયકને પણ જાણ રહેતી નથી. 'અમારા સમાગમો અને સ્વપ્નરિત વચ્ચે મને કશો ભેદ જણાતો નહિ.'(પાના નં. ૧૪૩) આ રીત કથાના પ્રવાહને સ્નિગ્ધ બનાવે છે.

સંદર્ભ નોંધઃ જાદવ કિશોર, રિક્તરાગ, પાર્શ્વ પ્રકાશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ઓક્ટોબર-૧૯૮૯